ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી, ગાંધીનગર માન્ય અને કલ્યાણ ફાઉન્ડેશન ટ્રસ્ટ, ભાવનગર સંચાલિત

# કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર

KRCSC BHAVNAGAR

"વિજ્ઞાન ભવન" પ્લોટ નં. ૨૨૦૬/૪-એ, સંસ્કાર મંડળ પાસે,
પંજાબ નેશનલ બેંકની બાજુમાં, હિલડ્રાઈવ, ભાવનગર-૩૬૪૦૦૧ (ગુજરાત)

**Phone** : 0278-2570110, 2570111 **Email** :krcscbhavnagar@yahoo.co.in **Website** : www.krcscbhavnagar.org

## અખબાર યાદી

Date : 31st July, 2017

પ્રતિ,

તંત્રી શ્રી,

..........................................................................., ભાવનગર.

### લોક વિજ્ઞાન કેન્દ્ર દ્વારા 5 મી ઓગસ્ટના રોજ મેડીકલ કોલેજ, ભાવનગરમાં યોજાશે

### જીલ્લા કક્ષાની રૂરલ I. T. Quiz

ભારત દેશના ગ્રામ્ય વિસ્તારના બાળકોમાં રહેલ ઇન્ફોર્મેશન અને ટેક્નોલોજી વિષયના જ્ઞાનને બહાર લાવવાના હેતુથી ટાટા કન્સલ્ટન્સી સર્વિસ અને વિજ્ઞાન વિભાગ કર્નાટકા સરકારના સંયુક્ત ઉપક્રમે વિવિધ સ્તરોએ આઈ.ટી. ક્વીઝનું આયોજન દેશ ભરમાં કરવામાં આવે છે. ગુજરાતમાં રાજ્ય કક્ષાનું સંકલન ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી (GUJCOST) દ્વારા કરવામાં આવનાર છે, જયારે GUJCOST પ્રેરિત કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર દ્વારા ભાવનગર જીલ્લા કક્ષાની આઈ.ટી. ક્વીઝનું આયોજન કરવા આવનાર છે.

.આ સ્પર્ધામાં ફક્ત ગ્રામ્ય વિસ્તારની શાળાઓના વિધાર્થીઓ જ ભાગ લઇ શકે છે. જેમાં ધોરણ ૮ થી ૧૨ના વિધાર્થીઓની શાળા દીઠ વધુમાં વધુ એક ટીમ (એક ટીમ માં ૨ વિદ્યાર્થી) ભાગ લઇ શકે છે. દરેક શાળામાંથી આવેલી ટીમો માટે કોમ્પ્યુ (I.T.) ક્ષેત્રના ૪૦ પ્રશ્નોની એલિમિનેશન ટેસ્ટનું આયોજન કરવામાં આવશે. તેમાંથી પસંદ થયેલ ટીમો માટે ઓડિયો વિઝ્યુલ રાઉન્ડ યોજાશે. ઓડિયો વિઝ્યુલ રાઉન્ડમાં પસંદ પામેલી પ્રથમ ૧૦ ટીમો (૨૦ વિદ્યાર્થીઓ) રાજ્યકક્ષાએ તા. ૭ સપ્ટેમ્બર, ૨૦૧૭ના રોજ યોજાનારી આઈ.ટી. ક્વીઝમાં ભાવનગર જીલ્લાનું પ્રતિનિધિત્વ કરશે. આઈ. ટી. ક્વીઝમાં પૂછાનારા પ્રશ્નોની ભાષા અંગ્રેજી રહેશે.

જીલ્લા કક્ષાની રૂરલ આઈ. ટી. ક્વીઝ તા. ૫-૦૮-૨૦૧૭ શનિવારના રોજ સવારે ૮ :30 કલાકે સરકારી મેડીકલ કોલેઝ, બસ સ્ટેન્ડની પાછળ ખાતે યોજાશે. નોંધણી કરાવેલ શાળાઓએ એક શિક્ષક અને ૨ (બે) વિદ્યાર્થીઓ સાથે નિયત સમયે અને સ્થળે હાજર રહેવા લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર દ્વારા જાણવામાં આવ્યું છે. વધુ માહિતી માટે લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર (૦૨૭૮ ૨૫૭૦૧૧૧-૧૧૦) પર તાકીદે સંપર્ક કરવા વિનંતી.

31-7-17

(હર્ષદ જોષી)
ઓફીસ ઇન્ચાર્જ,
કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર,
ભાવનગર.

https://www.facebook.com/krcsc.bhavnagar https://twitter.com/KalyanRCSC
https://in.linkedin.com/pub/kalyan-regional-community-science-center/a3/a44/875